For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

3 પુરૂષ, 4 મહીલા તેમજ 1 બાળકનો સમાવેશ, જ્યારે અન્ય 66 જેટલા શંકમંદોની પુછપરછ જારી

# વડોદરામાં 1700 શંકાસ્પદોને ચેક કરાતા 9 બાંગ્લાદેશી મળી આવ્યા

**અન્ય** શંકાસ્પદ લોકોએ જણાવેલા સરનામા પર એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો તપાસ કરવા રવાના થશે



(પ્રતિનિધી) વડોદરા તા.28

વડોદરા શહેરમાં ઘૂસણખોરી કરીને ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને શોધવા માટે વડોદરા શહેર પોલીસની 25 ટીમો દ્વારા સતત બે દિવસથી મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાં કોમ્બિંગ કરીને 1700 જેટલા શંકાસ્પદ લોકોને પોલીસ દ્વારા ચેક કરવામાં આવ્યા હતા. જેમાં ગેરકાયદે વસવાટ કરતાં 9 બાંગ્લાદેશીઓ મળી આવ્યા હતા. અન્ય શંકાસ્પદ હોય તેમની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગૃહ મંત્રી દ્વારા ગુજરાતમાં ઘૂષણખોરી કરનાર બાંગ્લાદેશીઓને શોધી કાઢવાની સૂચના આપવામાં આવી હતી. જેને લઈને શહેર પોલીસ દ્વારા સતત બે દિવસથી વડોદરાના ચાર ઝોનમાં આવતા વિવિધ વિસ્તારોમાં તમામ પોલીસ સ્ટેશનના પીઆઈ તથા ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, પીસીબી, સાયબર ક્રાઈમના પોલીસ અધિકારી તેમજ કર્મચારીઓની 25 જેટલી ટીમો બનાવીને ગેરકાયદે રહેતા અન્ય દેશના લોકોને શોધી કાઢવા કોમ્બીંગ હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં વડોદરા શહેર પોલીસના પોલીસ અધિકારી તેમજ કર્મચારીઓને બોડી વોર્ન કેમેરાથી સજ્જ થઈ આજવા રોડ એકતાનગર ઝુપડપટ્ટી, તુલસીવાડી, તાંદલજા, હાથીખાના, કરોડીયા રોડ, મન્સુરી કબ્રસ્તાન, અકોટા, નવાયાર્ડ, યાકુતપુરા સહિતના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી સતત કોમ્બિંગ હાથ ધરી અન્ય દેશોમાંથી છુપી રીતે પ્રવેશ કરી ગેરકાયદે વસવાટ કરતા લોકોની તપાસ કરવામાં આવી હતી. જેમાં શહેરના ચારે ઝોનમાંથી 1700 જેટલા શંકાસ્પદ લોકોને શોધી તમામના આધાર પુરાવાની ચકાસણી કરાઈ હતી. ઉપરાંત આ લોકોની સઘન પુછપરછ તેમજ તેઓએ ઉપયોગ કરેલા મોબાઈલ ફોન તથા તેઓના સંપર્કમાં રહેલા લોકોને વેરીફાય કરાયા હતા. જેમાં 41 જેટલા શંકાસ્પદમાંથી વડોદરામાં ગેરકાયદે પ્રવેશ કરી રહેતા 8 જેટલા બાંગ્લાદેશી લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. વડોદરા શહેરના ઝોન-2માંથી 2, ઝોન-3માંથી 3 અને ઝોન-4 માંથી 3 બાંગ્લાદેશીઓ મળી આવ્યા છે. આ બાંગ્લાદેશીમાં 3 પુરૂષ, 4 મહીલા તેમજ 1 બાળકનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય 66 જેટલા શંકમંદોની પણ પુછપરછ ચાલી રહી છે.

### 14 બાગ્લાદેશીઓની પૂછપરછ

વડોદરા શહેરમાંથી અત્યાર સુધીમાં 14 જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી છે. જેમાં પાંચ પુરુષો, છ મહિનાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. આ બાંગ્લાદેશની નાગરિકોને જેપી રોડ, અકોટા, એસઓજી, કપુરાઈ, મકરપુરા પોલીસ સ્ટેશન અને રેલ્વે ક્વાર્ટર ખાતે રાખવામાં આવ્યા છે. આ તમામ લોકોની વડોદરા ડીસીબી, એસઓજી, પીસીબી, સીઆઇડી, એટીએસ અને રાજ્ય અને કેન્દ્રની ગુપ્તચર એજન્સીઓ દ્વારા પણ પૂછપરછ કરાઇ રહી છે. - **નરસિમ્હા કોમાર, પોલીસ કમિશનર વડોદરા**

### ટીમો પશ્ચિમ બંગાળ રવાના

વડોદરા શહેરમાં બાંગ્લાદેશીઓના વિરુદ્ધ કાર્યવાહીરૂપી ઝુંબેશ પોલીસ દ્વારા ચલાવાઇ રહી છે. શંકાસ્પદો દ્વારા તેમના દર્શાવાયેલા સરનામા પણ બાગ્લાદેશના નજીકના હોવાનું જાણવા મળી રહયું છે. જેથી ઉચ્ચ અધિકારી દ્વારા પીઆઇ કક્ષાના અધિકારી સાથે ક્રાઇમ બ્રાન્ચ અને એસઓજીની કર્મચારીઓની ટીમો બનાવીને પશ્ચિમ બંગાળ રવાના કરાઇ છે.આ ટીમ દ્વારા શંકાસ્પદો લોકોની રાષ્ટ્રીયની ખાતરી કરશે અને વડોદરામાં તપાસ કરી રહેલી ટીમ સાથે સંકલનમાં પણ રહેશે.

### ડિપોર્ટ કરવાની કાર્યવાહી કરાશે

14 બાંગ્લાદેશી વ્યક્તિઓએ ગેરકાયદે ભારતમાં પ્રવેશ કર્યો હોય તેઓ વિરૂધ્ધ ફોરેનર્સ એકટ કલમ 1946 હેઠળ ડિટેનશન કરવા અંગેના આદેશ મેળવવાની કાર્યવાહી કરાઇ છે. શહેરમાં 6 સ્થળ જે.પી.રોડ, અકોટા, એસ.ઓ.જી, કપુરાઇ, મકરપુરા અને રેલ્વે હેડ ક્વાટર્સને હંગામી ડિટેન્શન તરીકે જાહેર કરાયાં છે.

# વેપારીઓ વિરોધમાં સજ્જડ બંધ પાડયો



**વડોદરા.** જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતકી આતંકી હુમલાના વિરોધમાં સોમવારે વડોદરાના વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો. મંગળ બજાર, વાસણ બજાર, મુન્શી ખાંચો, પદ્માવતી શોપિંગ સેન્ટર, ચાર દરવાજા સહિત શહેરના મુખ્ય વેપારી વિસ્તારોમાં દુકાનો બંધ રાખવામાં આવી હતી. વેપારીઓએ શહીદ થયેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને "પાકિસ્તાન મુર્દા બાદ", "હાય રે પાકિસ્તાન હાય હાય", "હાય રે આતંકી હાય હાય" જેવા નારા લગાવ્યા હતા. વડોદરાના વેપારી અગ્રણી જય ઠાકોરે જણાવ્યું કે, આ બંધ દ્વારા તેઓ કાશ્મીરમાં થયેલા હુમલાના વિરોધમાં એકતા દર્શાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી જો પાકિસ્તાન સામે સેનાકીય કાર્યવાહી અને જંગનું એલાન કરે તો અમે સંપૂર્ણ રીતે તેમની સાથે ખભેથી ખભો મિલાવીને ઊભા રહીશું." આ સજ્જડ બંધ દરમિયાન વેપારીઓએ સ્થાનિક લોકો-દુકાનદારોને પણ આંદોલન સાથે જોડાવાની અપીલ કર હતી.

લોકેશન દિલ્લીનું મળતા એક સાયબર ક્રાઇમની ટીમ ત્યાં રવાના કરાઇ

# 17.30 લાખની ઠગાઈમાં ટોળકીનો આરોપી વાડી વિસ્તારમાંથી ઝડપાયો

શેરમાર્કેટમાં ઇન્વેસ્ટ કરવાના બહાને રૂ. 13.70 લાખની ઠગાઇ આચરાઇ હતી

(પ્રતિનિધી) વડોદરા તા.28

શેરમાર્કેટમાં ઈન્વેસ્ટ કરવાના બહાને રૂ. 13.70 લાખના ઠગાઈના ગુનામાં તપાસ કરતા એક આરોપી દિલ્લી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી સાઈબર ક્રાઈમ બ્રાન્ચે એક ટીમ દિલ્લી ખાતે કરાઈ હતી અને એક આરોપીને ઝડપી પડાયો હતો. તેવી જ રીતે અન્ય આરોપીને વાડી વિસ્તારમાંથી દબોચી લેવાયો છે.

વડોદરા શહેરમાં સાયબર માફિયા દ્વારા વિવિધ પ્રકારના ફ્રોડ કરીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી લેતા હોય છે. પરંતુ ઘણા તો બદનામીના ડરથી બહાર પણ આવતા નથી. વડોદરા રહેતા ફરિયાદીને શેરમાર્કેટમાં ઈન્વેસ્ટ કરશો તો સારો એવો પ્રોફિટ મળશે તેવી લાલચ આપીને તેમને ઓનલાઈન ટ્રેડિંગ કરવાના બહાને રોકાણ કરાવ્યું હતું. ત્યાબાદ તેમને ઓનલાઈન એપ્લિકેશનમાં નફા સાથેની રકમ બતાવીને તેમનો વિશ્વાસ કેળવ્યો હતો. જેથી તેઓએ તેમના ભરોષો બેસી ગયો હતો. ત્યારબાદ તેમને ભેજાબાજોએ એપ્લિકેશનમાં આઈપીઓ એલોટમેન્ટ લાગી ગયું હોય તેમ દર્શાવવામાં આવ્યું હતું અને તેમની પાસેથી અલગ અલગ કંપનીના શેર અને આઈપીઓ ખરીદવાના બહાને રૂ.15.70 લાખ વિવિધ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવડાવ્યાં હતા. જેમાંથી માત્ર બે લાખ તેમના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી આપ્યા હતા. જ્યારે બાકીના તેઓ ઓનલાઈન એપ દ્વારા ઉપાડી આપવાનું કહેતા કોઈ ઉપાડી આપતા ન હતા. જેથી તેઓએ ઠગો સામે રૂ. 13.70 લાખના ઠગાઈની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં એક આરોપીનુ લોકેશન દિલ્લી તથા અન્યનું વડોદરા આવતું હતું. જેથી એક ટીમ દિલ્લી રવાના કરાઈ હતી અને અભિષેક સુભાષચંદ્ર ગર્ગ (રહે. પ્રીતમપુરા દિલ્લી) દિલ્લીમાંથી ઝડપી પાડવામાં આવ્યાં છે. જ્યારે અન્ય આરોપી ઈંદર પુરણ પાલ (રહે. રોહીણી દિલ્લી) વડોદરાના વાડી વિસ્તારમાંથી દબોચી લેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી ઈંદર પાસેથી લેપટોમાંથી 700થી વધુ શંકાસ્પદ બેન્ક ટ્રાન્ઝેકશન મળી આવ્યા છે. જેથી તેમની પાસેથી 5 મોબાઈલ અને 2 મોબાઈલ પણ કબજે કરાયા છે.

ફી ભરવા દબાણ કરતા વાલી મંડળની ડીઈઓને રજૂઆત

# શબરી સ્કૂલ દ્વારા FRCના નિયમોનું ઉલ્લંઘન કરતા વાલીઓમાં રોષ

FRC કરતા વધુ ફી વસૂલવા દબાણ કરી પરિણામ અટકાવી દેવાની ધમકી

(પ્રતિનિધી) વડોદરા,તા.28

એફઆર સીના નિયમ અનુસાર કોઈ પણ શાળા કોઈ પણ વિદ્યાર્થીઓને વાલીઓને પોતાની શાળામાંથી જ પુસ્તકો ગણવેશ કે પછી બુટ ખરીદવા આદેશ આપી શકે નહી. પરંતુ તેમ છતાં એફઆરસીના નિયમોને કેટલીક શાળાના સંચાલકો માનતા નથી. વડોદરા શહેરની શબરી સ્કૂલ જેમાં આચાર્ય બુક સ્ટોલ દ્વારા પુસ્તકોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે અને વેચાણ થતી વખતે જ વાલી મંડળના પ્રમુખ દીપક પાલકર ત્યાં પહોંચ્યા હતા અને તેઓએ વિડીયો બનાવ્યો હતો. ત્યારે, ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ દીપક પાલકર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે વાલીને સાથે રાખીને પહોંચ્યા હતા. શબરી સ્કૂલમાં ચાલતા વ્યાપાર અંગેના પુરાવા જિ. શિક્ષણ અધિકારીને સોંપ્યા અને જે રીતે સંચાલકો દ્વારા ધમકી ભર્યા મેસેજ વાલીઓને મોકલવામાં આવી રહ્યા છે. એ બંધ કરવામાં આવે, એફઆરસી કરતાં જે વધુ ફી ઉઘરાવવામાં આવી છે તે પરત કરવામાં આવે અને વાલીઓને જે દબાણ કરવામાં આવી રહ્યું છે પુસ્તકો ખરીદવા માટે એ પણ બંધ કરે તેવી માંગણી કરી હતી. દિપક પાલકરે જણાવ્યું હતું કે સ્કૂલ વાળા એવી દાદાગીરી કરે છે કે તમારે ફી ભરવી પડશે પૂરેપૂરી અને નહીં ભરો તો અમે તમારા બાળકને આગળ પ્રમોટ નહીં કરીએ અને રિઝલ્ટ પણ નહીં આપીએ. જે વાલીની વાત છે તો એમણે એફઆરસી પ્રમાણે ફી ભરેલી છે, પણ જે ડીફરન્સ એમાઉન્ટ આવે છે 8 હજારની તો વાલીની રજૂઆત એવી છે કે જે, 8 હજાર જમા છે એ આ ફીમાં સરભર કરવામાં આવે. એમાં વાલી ખોટા નથી. પણ શાળા સંચાલકો આ મામલે માની નથી રહ્યા અને ફી ભરવી જ પડશે તેમ જણાવી રહ્યા છે. જેની માટે જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી છે.

### કોઈપણ બોર્ડની શાળા હશે તો પગલાં લેવાશે

વાલીઓ શબરી સ્કૂલની રજૂઆત લઈને આવ્યા હતા કે એફઆરસી કરતા વધારે ફી ઉઘરાવે છે એ ઉપરાંત શાળા પાસેથી વિદ્યાર્થીઓ ગણવેશ પુસ્તકો સ્ટેશનરી ચોપડા ખરીદવાનો આગ્રહ રાખી રહ્યા છે. આ બાબતે આજે તમામ શાળાઓને પરિપત્ર કરી દીધેલો છે કે કોઈપણ શાળા કોઇ પણ વિદ્યાર્થી કે વાલીને ચોક્કસ દુકાન પાસેથી ગણવેશ બુટ, પુસ્તકો સ્ટેશનરી ખરીદવાનો આગ્રહ રાખી શકે નહીં. કોઈપણ બોર્ડની શાળા હશે જો આવી કામગીરી કરશે તો એમની ઉપર આરટીઇના નિયમ અનુસાર પગલાં લેવાશે. આ ઉપરાંત આજે વાલીની ફરિયાદ છે એ અનુસંધાને ચોક્કસ તપાસ કરી અને ન્યાય અપાવીશું. - **મહેશ પાંડે ,ઈ. ડીઈઓ**

# વાડીમાં ભંડારાના શર્ટ પહેરવા મુદ્દે યુવકને 4 ઈસમોએ ફટકારતા ઈજા

**બીજા** દિવસે પણ યુવકને ચાર થી પાંચ ઇસમોએ માર મારતાં સમગ્ર મામલે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ


(પ્રતિનિધી) વડોદરા તા. 28

વિઠ્ઠલવાડી ચુનારા વાસમાં રોશન સુનિલભાઈ ચુનારા પોતાના પરિવાર સાથે રહે છે અને શાકભાજીનો છૂટક વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. 26 એપ્રિલના રોજ તેઓ પોતાના પિતા સાથે શાકભાજીનો ધંધો કરી ઘરે આવ્યા હતા અને નજીકમાં આવેલા હનુમાનજી મંદિર ખાતે રાત્રે પરિવાર સાથે ભંડારામાં પ્રસાદી લેવા માટે ગયા હતા તે દરમિયાન મહોલ્લામાં રહેતા નિલેશ ઉર્ફે કાળીયો રાજેશભાઈ ચુનારાએ રોશનને કહ્યું હતું કે "વ્હાઈટ શર્ટ દરેકને ભંડારામાં પહેરવા માટે આપ્યા છે તો તને કેમ આપેલ નથી?" ત્યારે રોશન ચુનારાએ નિલેશને જણાવ્યું હતું કે "મારે પહેરવાની જરૂર નથી તારે પહેરવાની જરૂર છે" તેમ કહેતાં નિલેશ ભડક્યો હતો અને રોશનને અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો તે દરમિયાન તેનો ભાઈ તૃત્વિક,,વિવેક ચુનારા ઘોચુ રાજેશ ચુનારા આવી ગયા હતા અને ચારેયે ગડદાપાટુનો માર માર્યો હતો. તે દરમિયાન રોશનની પત્ની બહેન અને દાદીએ વધુ મારથી રોશનને છોડાવ્યો હતો બીજા દિવસે તા.27એપ્રિલે રોશન પોતાના પિતા સાથે શાકભાજી વેચીને બરાનપુરા ખાતે ટેમ્પો પાર્ક કરતો હતો તે દરમિયાન તૃત્વિક ત્યાંથી પસાર થતો હતો તેને રોશને પોતાને મારવા અને ઝઘડાનું કારણ પૂછતાં તૃત્વિક ખિજાયો હતો અને "તું મને પૂછવાવાળો કોણ આજે તો તને મારી જ નાખવો છે" તેમ કહી જતો રહ્યો હતો અને થોડીવારમાં તૃત્વિક તેના ભાઈ નિલેશ તથા ઘોચુ અને રાધે વસંતભાઈ ચુનારાએ તૃત્વિક નું ઉપરાણું લઈને રોશનને ગડદાપાટુનો માર માર્યો હતો તે દરમિયાન રોશનના પત્ની, કાકા તથા મહોલ્લાના છોકરાઓ આવી જતાં ચારેય ભાગી ગયા હતા આ ઝઘડામાં યુવકને મૂઢ માર વાગ્યો હોય તેને એસ.એસ.જી.હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર બાદ સમગ્ર મામલે ચાર ઈસમો વિરૂધ્ધ વાડી પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે .

# ધારાસભ્ય યોગેશ પટેલની તબિયત લથડી : ICUમાં સારવાર હેઠળ

**તબીબોના** જણાવ્યા અનુસાર તબિયતમાં સુધારો, પરિવારજનો અને પક્ષના આગેવાનોએ મુલાકાત લીધી

**બ્લડ પ્રેશર** અને ડાયાબિટીસ વધતા તેમની તબિયત લથડી તાત્કાલિક સારવાર હેઠળ



(પ્રતિનિધી) વડોદરા તા. 28

વડોદરાના સિનિયર અને માંજલપુર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય યોગેશ પટેલની તબિયત બગડતા તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ વધતા તેમની તબિયત લથડી હતી, જેના પગલે તાત્કાલિક સારવાર માટે તેમને ICUમાં રાખવામાં આવ્યા છે. તબીબોના જણાવ્યા મુજબ હાલ તેમની તબિયતમાં થોડો સુધારો નોંધાયો છે અને તેઓ તબીબી દેખરેખ હેઠળ છે. પરિવારજનો ઉપરાંત શહેર ભાજપાના આગેવાનો અને શુભેચ્છકો હોસ્પિટલમાં પહોંચી તેમનું આરોગ્ય પુછાણ કરી રહ્યા છે. યોગેશ પટેલ વર્ષોથી રાજકારણમાં સક્રિય રહી વડોદરા શહેરમાં તેમની મજબૂત ઓળખ ઉભી કરી છે.

પાનકાર્ડમાં નામ સરનામુ સુધારવા માટે લાંચની માગણી કરી હતી

# IT વિભાગનો ઓફિસ સુપ્રિટેન્ડન્ટ 500 રૂપિયાની લાંચ લેતા ઝડપાયો

ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓમા ફફડાટ



(પ્રતિનિધી) વડોદરા તા.28

વડોદરા આવકવેરા કચેરીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીને એસીબીએ છટકુ ગોઠવીને રૂપિયા 500ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડયા હતા. આ કર્મચારીએ વેપારી પાસે પાનકાર્ડમા સરનામું સુધારવા માટે લાંચની માંગણી કરી હતી.

વડોદરા શહેરમાં રહેતા એક વેપારીએ નવો ધંધો શરૂ કરવા માંગતા હોઈ સરકારી કચેરીમાં દસ્તાવેજો રજૂ કરવા આધાર કાર્ડમાં જે નામ સરનામું હતું. તે પાનકાર્ડમાં કરવા અને રેસીડેન્સીયલ સ્ટેટસ સુધારવા માટે વડોદરા આવકવેરા વિભાગની કચેરીમાં અરજી કરાઈ હતી. જે અરજી આવકવેરા વિભાગમાં અરજી ઓફીસ સુપ્રીટેન્ડન્ટ નીતિશ બસીસ્ટનારાયણ ભારતી પાસે પહોંચતા તેઓ કોઈને કોઈ બહાને કાગળો મંગાવી સમય પસાર બગાડી વેપારીને સુધારો કરી આપતા ના હતા. ત્યારબાદ વેપારીને ફોન કરી આ સુધારો કરવા માટે 1000ની લાંચની માંગણી કરી હતી. જેને પગલે વેપારી લાંચ આપવાના માંગતા ન હોય તેઓએ એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરી ત્યાં ફરિયાદ નોંધાવી હતી. જેથી દરમિયાન મદદનીશ નિયામક પરેશ ભેંસાણીયાની સુચના હેઠળ પીઆઇ એ.એન.પ્રજાપતિ દ્વારા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું અને વડોદરા આયકર ભવનના પાંચમા માળે કચેરી નજીકની લોબીમાં રૂપિયા 500ની લાંચ સ્વીકારતા નીતિશ ભારતીને રંગેહાથ દબોચી લીધા હતા.

રેસકોર્સ સર્કલ પાસે આવેલી આવકવેરા વિભાગની કચેરીમાં જ લાંચ લેતા ઓફિસ સુપ્રીટેન્ડન્ટ ઝડપાઈ જતાં આવકવેરા વિભાગની કચેરીમાં ચકચાર મચી જવા પામી હતી.


માફિયા | ફિશિંગ મેલ દ્વારા લોકો સાથે ઠગાઈ કરવાનો નવો તખતો સાયબર માફીયાઓએ ગોઠવ્યો

# G-Mailમાં ફિશિંગ મેઈલ આવે તો થઈ જાવ સાવધાન

**ગુગલને** એક સમન્સ મોકલવામાં આવ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.28

સાયબર માફિયા માસ્ટર માઈન્ડ બની રહ્યા છે અને રોજ કેવી રીતે લોકોને છેતરવા તેવા કાવતરા કરતા રહે છે. ત્યારે હવે ફિશિંગ મેલ દ્વારા લોકો સાથે ઠગાઈ કરવાનો નવો તખતો સાયબર માફીયાઓએ ગોઠવ્યો છે. અત્યારના સમયમાં યુઝર્સના જીમેઈલ એકાઉન્ટની અંદર એક ચોક્કસ પ્રકારનો મેઈલ આવી રહ્યો છે.જેમાં જીમેઈલ યુઝર્સને જણાવવામાં આવે છે કે, ઈન્વેસ્ટીગેશન એજન્સીઓ દ્વારા ગુગલને એક સમન્સ મોકલવામાં



A subpoena was served on Google LLC requiring us to produce a copy of your Google Account content

Google Support Ref #: [17-0000918456] Transferred to Legal Investigations Support

Google Support Case: https://sites.google.com/u/17918456/d/1W4M_jFajsC8YKeRJn6tt_b1Ja9Puh6_v/edit

Google Account ID: 1778307780341

This notice is to alert you that a subpoena was issued to Google LLC by a law enforcement that seeks retrieval of information contained in your Google Account.

To examine the case materials or take measures to submit a protest, please do so in the provided Google Support Case.

આવ્યો છે અને તે સમન્સમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્વેસ્ટીગેશન એજન્સીઓને તમારા દ્વારા ગુગલ પર મૂકેલી કન્ટેન્ટની નકલની જરૂર છે.

### આ પ્રકારનો મેઈલ

no-reply@accounts.google.com પરથી મોકલવામાં આવી રહ્યો છે, જેથી મેઈલ રિસીવ કરનાર યુઝરને એવું લાગે કે આ મેઈલ ગુગલ પરથી જ મોકલવામાં આવ્યો હોય, પણ હકીકતમાં એવું નથી. વધુમાં મેઈલમાં જણાવવામાં આવે છે કે જો યુઝર પોતે ઈચ્છે તો તે પોતાનો બચાવ પક્ષ મૂકી શકે છે અને તે માટે યુઝરને મેઈલ સાથે એક લિંક મોકલવામાં આવે છે. જ્યારે યુઝર મેઈલ સાથે આવેલી લિંક ઉપર ક્લિક કરે છે. ત્યારે તેને પોતાના જીમેઈલ એકાઉન્ટના યુઝર આઇડીને પાસવર્ડ દાખલ કરવાનું કહેવામાં આવે છે અને જો કોઈ યુઝર્સ આ મેઈલને સાચો સમજીને પોતાના યુઝર આઇડી અને પાસવર્ડ દાખલ કરે છે. ત્યારે તેનું ઇમેઈલ એકાઉન્ટ હેક થઈ જાય છે. આમ આ એક પ્રકારનો ફિશિંગ હુમલો છે. જ્યારે ફિશિંગ હુમલો એ સાયબર ક્રાઇમનો એક પ્રકાર છે. જ્યાં હેકરો યુઝર્સને યુઝરનેમ, પાસવર્ડ અને નાણાકીય પ્રકારની વિગતો જેવી સંવેદનશીલ માહિતી જાહેર કરવા માટે છેતરે છે. ફિશિંગ માટે હેકરો ઇમેઇલ, ટેક્સ્ટ સંદેશાઓ, ફોન કોલ્સ જેવા માધ્યમોનો ઉપયોગ કરે છે.

### સલામતીના પગલા

- >> મલ્ટી ફેક્ટર ઓથેન્ટીકેશનને ઓન રાખવું અત્યંત અગત્યનું છે.
- >> એ બાબતને યાદ રાખવી જોઈએ કે કોઈપણ મેઈલ સેવા આપતી કંપની ક્યારે યુઝર્સને પોતાના યુઝર આઇડીને પાસવર્ડ દાખલ કરવા માટે લિંક મોકલતી હોતી નથી.
- >> વધુ સલામતી માટે "પાસ કી" ફીચર્સ નો ઉપયોગ કરવો જોઈએ.
- >> જો મેઈલ એકાઉન્ટ હેક થઈ જાય તો સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી જોઈએ. - **મયુર ભૂસાવલકર, સાયબર એક્સપર્ટ**

સતીશ પટેલ સામે વિરોધ પછી નવા ચહેરાની શક્યતા

# આજે આવશે વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખપદના સસ્પેન્સનો અંત

**ભૂપેન્દ્રસિંહ** ચુડાસમા અને અમિત ચૌધરીની હાજરીમાં જાહેરાત થશે

(પ્રતિનિધી) વડોદરા, તા.28

છેલ્લા ઘણા સમયથી જિલ્લા ભાજપ પ્રમુખપદ માટે ચાલતા સસ્પેન્સ પરથી આજે સાંજે પડદો ખસી જશે. આજે સાંજે 4:30 વાગ્યે વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય વંદે કમલમ ખાતે પ્રદેશના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ ચૂંટણી નિરીક્ષક અમિત ચૌધરીની હાજરીમાં નવા જિલ્લા પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવશે. વર્તમાન જિલ્લા પ્રમુખ સતીશ પટેલે ફરી દાવેદારી નોંધાવી છે, જોકે તેમના વિરોધમાં પણ પક્ષની અંદર ઉંચા સ્વર ઊઠ્યા છે. તાજેતરમાં એક પૂર્વ મહિલા પ્રભારીએ સતીશ પટેલ વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે એક વીડિયો ફેસબુક પર શેર કર્યો હતો, જેના કારણે પાર્ટીના આંતરિક વલણમાં ગરમાવો જોવા મળ્યો હતો. વિડીયો વાયરલ થયા પછી જિલ્લાકક્ષાએ પક્ષમાં સમીકરણો બદલી ગયાનું માનવામાં આવી રહ્યું છે. જિલ્લા પ્રમુખપદ માટે 50થી વધુ દાવેદારોના નામ ચર્ચામાં છે.

દરેક દાવેદાર પોતાના પ્રભુત્વ અને સંગઠન માટેની કામગીરીને આધારે દાવેદારી જમાવી રહ્યો છે. જોકે છેલ્લે નિર્ણય સંઘ અને પ્રદેશ નેતૃત્વની સૂચનાથી થશે તેવી સ્પષ્ટતા થઈ ગઈ છે.

ભાજપે અગાઉ વડોદરા શહેર પ્રમુખ તરીકે સંઘ સુચિત ડૉ. જયપ્રકાશ સોનીની અચાનક પસંદગી કરી સૌ કોઈને આશ્ચર્યમાં મૂક્યા હતા. એ અનુભવોને ધ્યાને રાખતાં હવે જિલ્લા પ્રમુખપદે પણ નવો ચહેરો જોવા મળે તેવી શક્યતાઓ ખીલતી દેખાઈ રહી છે. જો કે, સતીશ પટેલે જ મક્કમ પકડ જાળવી હશે તો તેમનું પુનરાવર્તન પણ નિષ્કર્ષ બની શકે છે.